શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

સર્વ શિક્ષા અભિયાન-આણંદ
જિલ્લા પ્રોજેક્ટ ઓફીસ
બી-બ્લોક,બીજો માળ,અમુલ ડેરી સામે,
જુનું જિલ્લા પંચાયત ભવન, આણંદ-૩૮૮૦૦૧.
ફોન નં : (૦૨૬૯૨)–૨૬૯૦૮૮
E-Mail :- dpcanand1@gmail.com
Toll Free No : 1800-233-7635

ક્રમાંક:જિ.પ્રો.ક/એસ.એસ.એ/એમ.આઈ.એસ/ઈન્ટરનેટ/૨૦૧૮/૩૪૯૬-૯૭ તા. ૦૧/૧૨/૨૦૧૮

પ્રતિ,
બી.આર.સી. કો.ઓર્ડીનેટરશ્રી-તમામ,
જિ. આણંદ

**વિષય :- શાળા કક્ષાએ ઈન્ટરનેટ કનેક્શનની ઉપલબ્ધતા બાબત...**
સંદર્ભ :- માન.સચિવ, એસએસએ, ગાંધીનગરના પત્ર નં.એસએસએ/એમઆઈએસ/૨૦૧૮/૩૯૭૫૪-૭૯૦ તા.૩૦-૧૧-૨૦૧૮ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય કક્ષએથી શાળા કક્ષાએ સંયુક્ત શાળા શાળા ગ્રાન્ટની ફાળવણી, વપરાશ અને ઉપયોગ અંગેની માર્ગદર્શિકા આપવામાં આવેલ છે. જેમાં શાળા કક્ષાએ ઈન્ટરનેટ જેવા અન્ય રીકરીંગ ખર્ચ માટે સંયુક્ત શાળા ગ્રાન્ટ (**Composite School Grant)** ના ઉપયોગનો સમાવેશ થાય છે.

ટેકનોલોજીના માધ્યમથી અસરકારક મોનીટરીંગ અને સમયના બચાવ માટે મોટા ભાગની માહિતી જેવી કે રાજ્ય કક્ષાએથી મંગાવવામાં આવતાં વિવિધ ડેટા, ચાઇલ્ડ ટ્રેકિંગ, પરીક્ષાના પરિણામ, મિશન વિદ્યા વગેરેની શાળા કક્ષએથી જ ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે છે. ભવિષ્યમાં જરૂરિયાત મુજબ અન્ય ડેટા રીપેરીંગ પણ સુચારુરૂપે થઈ શકે તે માટે આપના તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ ઈન્ટરનેટના માધ્યમથી જોડાયેલી રહે તે જરૂરી છે.

આપના તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓ કે જે ઈન્ટરનેટની સુવિધાથી વંચિત છે તે શાળાઓમાં તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટ કનેક્શન મેળવી લેવાના થાય છે. આ ખર્ચ માસિક રૂ. ૫૦૦/- અથવા ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડરનું બીલ બે માંથી જે ઓછુ હોય તેની મર્યાદામાં કરવાનો રહેશે. માત્ર ૧ થી ૫ ધોરણ ધરાવતી અત્રેના જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ કે કેટલીક ઉચ્ચ પ્રાથમિક શાળાઓ કે જ્યાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં પણ ડેટા પ્લાન મેળવી લેવાનો રહેશે. સદર ઈન્ટરનેટ કનેક્શન મેળવી મુખ્ય શિક્ષક અથવા જે શિક્ષક પાસે યોગ્ય સ્માર્ટ ફોન હોય તેમાં ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ કરાવી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉક્ત વિગતે આપના તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ કે જે ઈન્ટરનેટની સુવિધાથી વંચિત છે તે શાળાઓને ફાળવેલ સંયુક્ત શાળા ગ્રાન્ટ (**Composite School Grant)** નો ઉપયોગ કરીને તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટ કનેક્શન મેળવી લેવા અત્રેથી આદેશ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર

અને

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

એસએસએ , આણંદ

***નકલ સવિનય રવાના જાણ સારૂં :-***

૧. માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસએસએ, ગાંધીનગર

૨. માન.સ્ટેટ એમઆઈએસ કો-ઓર્ડીનેટરશ્રી, એસએસએ, ગાંધીનગર

***નકલ રવાના :-***

૧. એકાઉન્ટ ઓફિસર, સદર કચેરી તરફ જાણ તેમજ આગળની ઘટિત કાર્યવાહી થવા સારૂં.

૨. સી.આર.સી કો-ઓ.શ્રી તમામ મારફતે આચાર્યશ્રી-તમામ સરકારી પ્રાથમિક શાળા, (ધો. ૧ થી ૫) તમામને જાણ તેમજ આગળની ઘટિત કાર્યવાહી થવા સારૂં,જિ-આણંદ.

૩. મુખ્ય શિક્ષકશ્રી-તમામ ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતી સરકારી પ્રાથમિક શાળા(ધો. ૧ થી ૫) તમામને જાણ તેમજ આગળની ઘટિત કાર્યવાહી થવા સારુ,જિ-આણંદ.